# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જકાર્તામાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષિય વાતચીત કરશે

2) બંને દેશો વચ્ચેના સંબંધો સુદ્રઢ બનાવવા વિદેશ મંત્રી એસ જયશંકરે બહેરીનમાં રાજા સાથે મુલાકાત કરી

3) ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલે જણાવ્યું કે ભારતનું ચર્મ ઉધ્યોગ મુક્ત વેપાર કરારો દ્વારા નવી નિકાસ તકો પ્રદાન કરવા સજ્જ

4) શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે ,રામ મંદિરમાં કથિત દાન ઉચાપત કેસમાં મહાસચિવ ચંપત રાય અને સભ્ય ડૉ. અનિલ મિશ્રાના રાજીનામાનો સ્વીકાર કર્યો

5) યુક્રેને સાઇબિરીયાના ઓમ્સ્કમાં રશિયાની સૌથી મોટી ઓઇલ રિફાઇનરી પર ડ્રોન હુમલો કર્યો છે.

6) પુરુષ ક્રિકેટમાં, ભારત આજે 5 મેચની શ્રેણીની ત્રીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM INDONESIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જકાર્તામાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે વાતચીત કરશે. શ્રી મોદી ગઈકાલે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિના આમંત્રણ પર ત્રણ દિવસની મુલાકાતે જકાર્તા પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિ પ્રબોવોએ એરપોર્ટ પર પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું. સાંભળીએ એ આઅ અંગે એક અહેવાલ

## (બાઇટ- JAYABHARTI)

ઇન્ડોનેશિયામાં ભારતીય રાજદૂત સંદીપ ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીની મુલાકાત સંરક્ષણ, વેપાર, ઊર્જા, ખાદ્ય સુરક્ષા, શિક્ષણ અને આરોગ્યસંભાળ સંબંધિત અનેક કરારો માટે માર્ગ મોકળો કરે તેવી અપેક્ષા છે. ભારત અને ઇન્ડોનેશિયા તેમની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે તૈયાર છે. પ્રધાનમંત્રીની મુલાકાત દરિયાઈ અને આર્થિક સંબંધોને મજબૂત બનાવશે અને ઉભરતા ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવશે

# COOPERATION -AMIT SHAH

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું છે કે, સહકાર મંત્રાલયે છેલ્લા પાંચ વર્ષમાં સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા લગભગ 30 કરોડ લોકોના જીવનમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે. નવી દિલ્હીમાં સહકાર મંત્રાલયના પાંચમા સ્થાપના દિવસ સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું કે 2021 માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા સ્થાપિત મંત્રાલયે સહકારી માળખાને આધુનિક, પારદર્શક, ટેકનોલોજી-સંચાલિત અને સ્પર્ધાત્મક બનાવી છે.

## (BYTE – AMIT SHAH)

# JAYSHANKAR BEHRIN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે બહેરીનમાં રાજા હમાદ બિન ઇસા અલ ખલીફા સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરી. ડૉ. જયશંકર ખાડી દેશોની તેમની ચાર દેશોની મુલાકાતના બીજા તબક્કામાં કતારથી બહેરીન પહોંચ્યા, જેમાં કુવૈત અને ઓમાન પણ શામેલ છે.. ડૉ. જયશંકરે બહેરીનમાં ભારતીય સમુદાયની સલામતી અને સુખાકારી સુનિશ્ચિત કરવા બદલ તેમનો આભાર માન્યો.

શ્રી જયશંકરે બહેરીનમાં ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરી.

# GOYAL - LEATHER EXPORTS

ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારતના ચર્મ અને ફૂટવેર ઉદ્યોગની નિકાસ આશરે ₹42,847 કરોડ છે. ભારત માટે 38 વિકસિત દેશોએ મુક્ત વેપાર કરારો દ્વારા તેમના બજારો ખોલ્લા મૂક્યા છે, જેમાં બ્રિટન , ઓમાન, સંયુક્ત આરબ અમીરાત અને અન્યનો સમાવેશ થાય છે. નવી દિલ્હીમાં લેધર એક્સપોર્ટ કાઉન્સિલ નેશનલ એક્સપોર્ટ એક્સેલન્સ એવોર્ડ્સ 2024-25 સમારોહમાં બોલતા, શ્રી ગોયલે જણાવ્યું હતું કે ઇક્વાડોર સહિત ઘણા દેશો ભારત સાથે મુક્ત વેપાર કરારો કરવામાં રસ ધરાવે છે, જેનાથી ભારતીય નિકાસકારો માટે નવી તકો ઊભી થાય છે.

ઉદ્યોગ મંત્રીએ જણાવ્યું કે, ભારતની ચામડાની નિકાસનો 77 ટકા હિસ્સો હાલમાં ફક્ત 15 દેશોમાં જાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAMMANDIR TEMPLE TRUST

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટના સભ્ય ડૉ. અનિલ મિશ્રાના રાજીનામા સ્વીકારી લીધા છે. રામ મંદિર દાન કૌભાંડ કેસમાં નામ આવ્યા બાદ બંનેએ રાજીનામું આપી દીધું હતું.

નવી નિમણૂક ન થાય ત્યાં સુધી કૃષ્ણ મોહનને વચગાળાના મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની ફરિયાદને કારણે કથિત દાન ગેરરીતિ કેસમાં નોંધાયેલી FIRનો આધાર બન્યો હતો, જેમાં આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ટ્રસ્ટે મુખ્ય કાર્યકારી અધિકારીની નિમણૂક કરવાનો પણ નિર્ણય લીધો છે અને ઉમેદવારોની ભલામણ કરવા માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે.

મીડિયાને સંબોધતા, ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવગિરીએ જણાવ્યું હતું કે આ ઘટના પાછળ કાવતરું હોવાની શક્યતાને નકારી શકાય નહીં. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે દાનમાં આપેલા બધા ઘરેણાં અને કિંમતી વસ્તુઓ સુરક્ષિત છે, યોગ્ય રીતે હિસાબ આપવામાં આવે છે અને દાન કરાયેલી વસ્તુઓની વિગતો ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ છે.

# ODISHA TRIBAL WORKSHOP

આદિજાતિ બાબતોનું મંત્રાલય ઓડિશાના પાટનગર ભુવનેશ્વરમાં આદિજાતિ સંશોધન સંસ્થાઓને મજબૂત બનાવવા માટે બે દિવસીય રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરશે. કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી જુઆલ ઓરામ આ કાર્યશાળાનું ઉદ્ઘાટન કરશે, જેમાં આશરે બસો સહભાગીઓ હાજરી આપશે.સાંભળીએ આઅ અંગે એક અહેવાલ

(બાઇટ - PRACHI)

# CBI-BRO

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશને બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન સાથે સંકળાયેલા ચાર ગુનાહિત કેસોમાં અગિયાર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 26 સ્થળોએ દરોડા પડ્યા છે.

જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, દિલ્હી, હરિયાણા, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, આસામ, અરુણાચલ પ્રદેશ અને નાગાલેન્ડમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.

દરોડા દરમિયાન અનેક ગુનાહિત દસ્તાવેજો અને ડિજિટલ પુરાવા મળી આવ્યા છે. આ મામલે તપાસ ચાલી રહી છે..

એજન્સીના જણાવ્યા અનુસાર, આ કેસોમાં લેફ્ટનન્ટ, કર્નલ, મેજર અને એન્જિનિયર રેન્કના કુલ દસ અધિકારીઓ, કેટલાક ખાનગી વ્યક્તિઓના નામ સામે આવ્યા છે.

આ કેસ લદ્દાખમાં પ્રોજેક્ટ વિજયક અને પ્રોજેક્ટ યોજક હેઠળ કામચલાઉ કામદારોની નિમણૂકમાં અનિયમિતતાઓ અને નકલી કામદારોના નામે કરવામાં આવેલી ચૂકવણી સાથે સંબંધિત છે.

# UKRAIN ATTACK

યુક્રેને સાઇબિરીયાના ઓમ્સ્કમાં રશિયાની સૌથી મોટી ઓઇલ રિફાઇનરી પર ડ્રોન હુમલો કર્યો છે.

યુદ્ધ દરમિયાન આ યુક્રેનના સૌથી લાંબા અંતરના હુમલાઓમાંનો એક છે. સ્થાનિક રશિયન અધિકારીઓએ આ હુમલાની પુષ્ટિ કરી છે. યુક્રેનના જનરલ સ્ટાફે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ હુમલાને કારણે ઓમ્સ્ક રિફાઇનરીમાં આગ લાગી હતી. રિફાઇનરી યુક્રેનિયન કબજા હેઠળના પ્રદેશથી લગભગ 2,700 કિલોમીટર દૂર સ્થિત છે અને કઝાકિસ્તાન સાથે રશિયાની સરહદની નજીક છે.

ઓમ્સ્ક પ્રદેશના ગવર્નર વિટાલી ખોત્સેન્કોએ જણાવ્યું હતું કે યુક્રેને રિફાઇનરી પર હુમલો કર્યો હતો અને રશિયન વાયુસેનાએ હુમલામાં સામેલ મોટાભાગના ડ્રોનનો નાશ કર્યો હતો.

# T20 CRICKET - IND VS ENG

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે રાત્રે નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ ખાતે 5 મેચની શ્રેણીની ત્રીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 10 વાગ્યે શરૂ થવાની છે. ભારતીય ટીમ બરાબરી કરવા માટે પ્રયત્નશીલ રહેશે કારણ કે નવા કેપ્ટન શ્રેયસ ઐયરે હજુ સુધી તેમની કેપ્ટનશીપ હેઠળ પ્રથમ જીત નોંધાવી નથી.

આ પહેલા, યજમાન ઇંગ્લેન્ડે શનિવારે માન્ચેસ્ટરમાં બીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને 4 વિકેટથી હરાવ્યું હતું. અગાઉ, બંને ટીમો વચ્ચેની પહેલી T20 આંતરરાષ્ટ્રીય મેચ વરસાદને કારણે રદ થઈ હતી.

આ દરમિયાન, બ્રિસ્ટોલ અને સાઉથમ્પ્ટન T20I શ્રેણીની અંતિમ બે મેચનું આયોજન કરશે. ત્યારબાદ, ભારત ત્રણ મેચની ODI શ્રેણીમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે  રિધ્ધિ ઉંધાડ

- આજના તમામ અખબારોએ મુંબઈ- પુણેમાં ભારે વરસાદના કારણે 13 લોકોના થયેલા મોત અને રાજ્યભરમાં પડેલ વરસાદના સમાચારોની હેડલાઈન બનાવી છે.
- ગુજરાત સમાચાર લખે છે મુંબઈ- પુણેમાં વરસાદી મહાતોફાનમાં 13ના મોત...ભારે વરસાદના પગલે કેટલાક રાજ્યોમાં એલર્ટ- ભૂસ્ખલન, પુર
- સંદેશની હેડલાઈન છે મુંબઈમાં મેઘ તાંડવ, 13ના મોત- મુંબઈ ઠપ, પૂણે ટ્રેન-માર્ગ વ્યવહાર બંધ....
- દિવ્ય ભાસ્કર લખે છે ગુજરાત-મુંબઈમાં વરસાદી તોફાન-19 ફ્લાઈટ રદ, ટ્રેનો ડાઈવર્ટ કરવી પડી-5ના મોત- આજે રેડ એલર્ટ...
- રામ મંદિર ટ્રસ્ટે ચંપત, મિશ્રાને રામ રામ કરી દીધા આ હેડલાઈન છે નવગુજરાત સમયની...
- ફુલછાબ પ્રથમ પાને લખે છે પહલગામ હુમલામા હાફિઝ મુખ્ય આરોપી...
- સ્થાનિક સમાચારો પર નજર કરીએ તો સૌરાષ્ટ્રમાં નદી નાળા બે કાંઠે થતા જળબંબોળની સ્થિતિ- મહુવા- ડોંગી નદીના પ્રવાહમાં કાર તણાઈ, મહિલાઓ સહિત 8નો ચમત્કારિક બચાવ... દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આભ ફાટવાની સંભાવના... વરસાદના પગલે બે ડેમ ઓવરફ્લો-18 ડેમમાં 70 ટકાથી વધુ પાણીનો સંગ્રહ.. વેસ્ટર્ન અને ઈસ્ટર્ન અમદાવાદમાં નવો બાયપાસ અને રિંગ રોડ આકાર લેશે.. આ સમાચારો વાંચવા મળી રહ્યા છે..